# રાજયમાં નવી ચાર ખાનગી યુનિવર્સિટીઓ સ્થપાશે : ભૂપેન્દ્રસિંહ

ગાંધીનગર, તા.૨૨

રાજયના ઉચ્ચ શિક્ષકના વિસ્તાર અને વિકાસના હેતુથી શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગુજરાત યુનિવર્સિટી સુધારા વિધેયક રજૂ કર્યું હતું. રાજયમા નવી ચાર ખાનગી યુનિવર્સિટીની સ્થાપનાના વિધેયક અંતર્ગત જે નવી યુનિવર્સિટીઓ સ્થાપના થવાની છે તેમાં, (૧)સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, મુ. ભોયણ રાઠોડ, તા.જિ. ગાંધીનગર, (૨) પી.પી. સવાણી યુનિવર્સટી, મુ. ધામદોડ, તા.માગરોળ, જિ. સુરત, (૩) ઈન્દ્રશીલ યુનિવર્સિટી, ધોલરા, જિ. અમદાવાદ, (૪) કર્ણાવટી યુનિવર્સિટી, ઉવારસદ, જિ. ગાંધીનગરનો સમાવેશ થાય છે. આ વિધેયક વિધાનસભા ગૃહમાં રજૂ કરતા મંત્રીએ જણાવ્યું હતું કે, ખાનગી યુનિવર્સિટીના મુખ્ય ઉદ્દેશો વિજ્ઞાન, ટેકનોલોજી, સમાજ વિજ્ઞાન, શિક્ષણ વ્યવસ્થાપન, વાણિજ્ય, કાયદો, આરોગ્ય સંભાળ અને માનવજાતિના ઉન્નતિ માટેના ક્ષેત્રોમાં જ્ઞાનના સંવર્ધનનો છે. રાજય સરકારે શિક્ષણ વિભાગ હેઠળ રાજયના અલગ અલગ વિસ્તારમાં જરૂરિયાત અને ભૌતિક સવલતો ધ્યાને લઈ કુલ - ૧૬ સરકારી યુનિવર્સિટીઓ બનાવી છે.

રાજયમાં જે ચાર ખાનગી યુનિવર્સિટીઓ સ્થાપવાની રાજય સરકારે ઈચ્છા વ્યક્ત કરી છે તેમાં સ્વર્ણિમ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ખાસ કરીને સ્ટાર્ટ અપ પ્રક્રિયાઓના મહત્ત્વનો ભાગ ભજવશે. સૂચિત ખાનગી યુનિવર્સિટીની સ્થાપના કરવા અંગે ટ્રસ્ટે ૨૦૧૭-૨૦૨૧ના ૫ વર્ષના ફેઝ વાઈસ પ્લાન દર્શાવેલ છે. જેમાં ડિપ્લોમા સ્નાતક, અનુસ્નાતક અને સર્ટિફિકેટ પ્રકારના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થી ક્ષમતા વધારીને કુલ ૩૬૦૦ વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતાનું લક્ષ્યાંક દર્શાવ્યું છે અને ૨૦૧૭-૧૯ ના સમયગાળા દરમિયાન એકંદરે વધારાનું ૪૦,૦૦૦ ચો. ફુટ ઈન્ફ્રાસ્ટચર તૈયાર કરવામાં આવશે. રૂા. ૬૦૦ લાખના સાધન-સરજામ, રૂા. ૧૦૦ લાખની રકમનું ફર્નિચર અને કોમ્પ્યુટર સોફટવેર અને નેટવર્કિંગ ઈન્ટરનેટની સુવિધા માટે વધારામાં રૂા. ૧૦૦ લાખનું રોકાણ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે.

સૂચિત ખાનગી યુનિવર્સિટીમાં (૧) ઈનોવેશન એન્ડ એન્ટર પ્રિનિયરશીપમાં સ્નાતક પ્રકારનો અભ્યાસ (૨) સ્ટાર્ટઅપ સ્નાતકમાં આઈ.ટી. /કોમ્પ્યુટર ટેકનોલોજી, રોબોટીકસ, ઈલેકટ્રોનિકસ, ફાર્માસ્યુટીકલ્સ, બાયોટેકનોલોજી, ઓટોમોબાઈલ, ઈ-બેન્કિંગ, ફેશન અને ગ્રાફિક્સ ડિઝાઈન સહિતના નવીન અભ્યાસક્રમો શરુ કરવા માગે છે. જેના માધ્યમથી વિદ્યાર્થીઓને ઈચ્છિત અભ્યાસક્રમમાં ભણવાની તક મળશે અને વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ વિવિધ ક્ષેત્રોમાં રોજગારીની વિપુલ તકો પ્રાપ્ત થશે તેવો સંસ્થાનો સંકલ્પ છે.

પી.પી. સવાણી યુનિ., મુ. ધામદોડ, તા. માંગરોળ, જિ. સુરતની સ્થાપના થયે દક્ષિણ ગુજરાતમાં પ્રોફેશનલ અને સ્કીલ એજ્યુકેશનનો ખૂબ વિકાસ થશે. તેનું કાર્યક્ષેત્ર મહદઅંશે આદિવાસી ક્ષેત્ર રહેશે. આ યુનિ. ના સ્થાપના માટે રૂા. ૫૦.૬૧ કરોડનું રોકાણ ટ્રસ્ટ દ્વારા કરાયું છે. જયારે બીજા અને ત્રીજા તબક્કામાં રૂા. ૧૬ કરોડનું રોકાણ કરાશે.

ઈન્દ્રશીલ યુનિ. ધોલેરા, જિ. અમદાવાદની સ્થાપનાનો હેતુ આરોગ્ય વિષયક સેવાઓના વિસ્તરણનો છે. ઈન્દ્રશીલ યુનિ.ની સ્થાપના માટે સરસ્વતી એજ્યુકેશન સંસ્થાન ગ્રુપ ઑફ ઈન્સ્ટીટયુશન, મુ. રાજકોટ, તા. કડી. જિ. મહેસાણા અને કેડીલા ફાર્માસ્ટુટિકલ કે જે આ સંસ્થા સ્થાપવા માટે આર્થિક સહયોગ આપશે. તેના દ્વારા પ્રાઈવેટ યુનિવર્સિટીની રચના કરાશે. ધંધુકા તાલુકાના રતનપુર ગામ પાસે અંદાજે ૧૧૫ એકર જમીન ઉપલબ્ધ છે અને આગામી ૧૦ વર્ષમાં સૂચિત યુનિવર્સિટી કેમ્પસમાં ૧૧,૭૨૦ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવશે.



કર્ણાવટી યુનિવર્સિટી, ઉવારસદ, જિ. ગાંધીનગરના કારણે રાજયમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા છતાં વિદ્યાર્થીઓ અભ્યાસક્રમમાં બહુવિધતાના લાભ સાથે ઉચ્ચ કારકિર્દીની વિશાળ તક મળશે.

# વનશ્રી ટ્રસ્ટ દ્વારા પર્યાવરણ અને જળને બચાવવા પ્રતિજ્ઞા લેવામાં આવી






ગાંધીનગર, તા.૨૨

વનશ્રી ટ્રસ્ટ દ્વારા 'ચકલી દિવસ' નિમિત્તે શંકરસિંહ વાઘેલા બાપુ કૉલેજમાં ૫૦થી વધારે ચકલીમાળા લગાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને જણાવવામાં આવ્યું કે પ્રાકૃતિક સંપત્તિને સાચવશો તો છેલ્લે મનુષ્ય જીવન પણ ટકી શકશે.

'વિશ્વ વન દિવસ' નિમિત્તે વનવિભાગની રેલીમાં પ્રેરણા સ્કૂલના ૧૨૫ વિદ્યાર્થીઓ અને વનશ્રી ટ્રસ્ટના સ્વયંસેવકો જોડાયા હતા. ધરતી માતાનું ઋણ અદા કર્યું હતું. જંગલો નહિં હોય તો વૃક્ષ નહીં હોય તો પ્રાણવાયુ નહી મળે, દરેક જીવો મુશ્કેલીમાં મુકાશે. પર્યાવરણની જાળવણી માટે વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી. ૨૨મી માર્ચ 'વિશ્વ જળ દિવસ'ની ઉજવણીના ભાગરૂપે પાણી બચાવો ઝુંબેશ ચલવવામાં આવી હતી.

જળ એ જ જીવન છે. એવી પ્રતિજ્ઞા વિદ્યાર્થીઓને લેવડાવવામાં આવી હતી. ગ્રીન એમ્બેડેર અંજના નિમાવત દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

# ચેટીચાંદની રજાના પગલે હવે ૨૯મીની પરીક્ષા ૨૮મીએ લેવાશે

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ચેટીચાંદની રજામાં ફેરફાર થતાં પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કર્યો છે. હવે ૨૯ માર્ચના રોજ લેવાનારી પરીક્ષા ૨૮ માર્ચના રોજ લેવાશે અને ૨૯ માર્ચના રોજ ચેટીચાંદની રજા રહેશે. બોર્ડની પરીક્ષા સમિતિની બેઠક મંગળવારે મળી હતી. જેમાં આ અંગે ચર્ચાના અંતે નિર્ણય લેવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. બોર્ડ દ્વારા પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો તેમાં ૨૮ માર્ચના રોજ પરીક્ષા ગોઠવી હતી અને ૨૯ માર્ચના રોજ ચેટીચાંદની રજા નક્કી કરાઈ હતી. જોકે ત્યાર બાદ ચેટીચાંદની રજામાં ફેરફાર થતાં બોર્ડે પરીક્ષાનો કાર્યક્રમ બદલ્યો હતો અને ૨૯ માર્ચના રોજ પરીક્ષાનું આયોજન કર્યું હતું અને ૨૮ માર્ચના રોજ ચેટીચાંદની રજા જાહેર કરી હતી. જોકે ફરી રાજ્યના સામાન્ય વહીવટી વિભાગ દ્વારા ચેટીચાંદની રજામાં ફેરફાર કરતા બોર્ડને પણ પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. મંગળવારે બોર્ડની પરીક્ષા સમિતિની બેઠક મળી હતી. જેમાં ચેટીચાંદની રજાને લઈ ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાના અંતે ૨૯ માર્ચના રોજ લેવાનારી પરીક્ષા ૨૮ માર્ચના રોજ નિયત સમયે અને નિયત સ્થળે જ લેવાનું નક્કી કરવામાં આવ્યું છે.

# અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસીમાં રિફ્રેશર કોર્સનું સમાપન




ગાંધીનગર,તા.૨૨

અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટીટયુટ ખાતે ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ અમદાવાદ દ્વારા સ્પોન્સર્ડ રજિસ્ટર્ડ ફાર્માસીસ્ટ ખાતે બે દિવસનો રિફ્રેશર કોર્સનું સમાપન થયું. જયાં ગુજરાતમાંથી ૨૫૦ જેટલા ફાર્માસીસ્ટોએ ભાગ લીધો હતો. ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલના મેમ્બર ગિલબર્ટ મેકવાન અને ટ્રસ્ટના પ્રમુખ ડૉ. કે.જે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

બે દિવસના કોર્સમાં ફાર્મસી કૉલેજના તજજ્ઞોએ રસપ્રદ વકતવ્યો આપ્યા હતા. સમાપન સમારોહમાં મુખ્ય મહેમાન પદે ડૉ. જયેશભાઈ વી. પટેલ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સંસ્થાના ડૉ. આર.આર. શાહ, ઈન્ચાર્જ આચાર્ય અને કોર્સ ડાયરેકટર ધીરેન કડીકર, કો.ઓર્ડીનેટર, ડૉ. યુ.એલ. પટેલ અને ભાવિન ભીમાણી દ્વારા કરવામાં કરવામાં આવ્યું હતું.

# ગુજરાત સ્ટેટ ટૅકવોન-ડો ચેમ્પિયનશીપ યોજાઈ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર ટૅક્વોન-ડો ઍસોસિએશન દ્વારા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, સૅક્ટર-૧૫, ગાંધીનગર ખાતે સ્ટેટ ટૅક્વોન ડો ચૅમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૩૫૦ જેટલા ખેલાડીઓએ વિવિધ ઈવેન્ટમાં ભાગ લીધો હતો. સ્પર્ધાના ઉદ્‌ઘાટના સમારોહમાં સ્પૉર્ટ્સ યુનિવર્સિટીના ઍસોસિએટ પ્રૉફેસર શ્રી શર્મા, ગાંધીનગર મહાનગર



પાલિકાનાં કોર્પોરેટર પિન્કીબેન પટેલ, રૂરલ ગેમ ઓર્ગેનાઈઝેશન ઓફ ઈન્ડિયાના જોઈન્ટ સૅક્રેટરી નિખીલભાઈ તથા સંસ્થા ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાણીએ ઉપસ્થિત રહી ખેલાડીઓને શુભકામનાઓ પાઠવી હતી.

સ્પર્ધાનું સંચાલન જયદીપ વાઘેલા અને ઈન્સ્ટ્રક્ટર્સ તથા સિનિયર્સ દ્વારા સંભાળવામાં આવ્યું હતું. અંતે, કોચ જતીન દવેએ સૌ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# ગુજકેટ માટે ઓનલાઈન અરજી ૩૦મીથી કરી શકાશે

ગાંધીનગર, તા.૨૨

ડિગ્રી એન્જિનિયરીંગ, ડિપ્લોમા એન્જિનિયરીંગ તથા ડિપ્લોમાં ફાર્મસીમાં પ્રવેશ માટે ૧૧ મેના રોજ લેવાનારી ગુજકેટની પરીક્ષા માટે ૩૦ માર્ચથી ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ૩૦ માર્ચના રોજ રાજ્યના નક્કી કરેલા ૪૨ સેન્ટરો પરથી વિદ્યાર્થીઓ માહિતી પુસ્તિકા અને પીન નંબર મેળવી ઓનલાઈન એપ્લિકેશન કરી શકશે. ૩૦ માર્ચ બાદ રાજ્યના ચાર કેન્દ્રો પરથી ૧૫ એપ્રિલ સુધી માહિતી પુસ્તિકા અને પીન નંબર મળી રહે તેવી વ્યવસ્થા બોર્ડ દ્વારા કરવામાં આવી છે.

રાજ્યની ઈજનેરી અને ફાર્મસી કોલેજમાં પ્રવેશ માટે શિક્ષણ બોર્ડ દ્વારા ૧૧ મેના રોજ ગુજકેટની પરીક્ષા લેવામાં આવનાર છે. ગુજકેટની પરીક્ષા માટે આ વખતે પણ ઓનલાઈન એપ્લીકેશન કરવાનું નક્કી કરાયું છે. જેને લઈને બોર્ડ દ્વારા રાજ્યના ૪૨ જેટલા સેન્ટરો પરથી ૩૦ માર્ચના રોજ માહિતી પુસ્તિકા અને પીન નંબરનું વિતરણ કરવામાં આવશે. સ્કૂલોએ વિદ્યાર્થી દીઠ રૂ. ૩૦૦નો ડિમાન્ડ ડ્રાફ્ટ તૈયાર કરી માહિતી પુસ્તિકા અને પીન નંબર મેળવવાનો રહેશે. ૩૦ માર્ચ બાદ રાજ્યના ચાર સેન્ટરો પરથી માહિતી પુસ્તિકા અને પીન નંબર મળી રહે તેવી વ્યવસ્થા કરાઈ છે.

બોર્ડની ગાંધીનગર સ્થિત કચેરી અને વડોદરા સ્થિત કચેરી ઉપરાંત સુરતની ટી એન્ડ ટીવી હાઈસ્કૂલ તથા રાજકોટની એસ.જી. ધોળકીયા હાઈસ્કૂલમાંથી વિદ્યાર્થીઓને ૧૫ એપ્રિલ સુધી માહિતી પુસ્તિકા અને પીન નંબર મળી રહેશે. વિદ્યાર્થીઓ માહિતી પુસ્તિકા અને પીન નંબરની મદદથી ૩૦ માર્ચથી ૧૬ એપ્રિલ સુધી ઓનલાઈન અરજી કરી શકશે.

# આવો સુખનું સ્વાગત કરીએ

'સુખ' એટલે શું પ્રશ્ન જ છે પણ એક જવાબ અનેક છે. એક વૃક્ષ ઉપરનાં બે પાંદડાં પણ કયારેય એક સરખાં નથી હોતા. એમ આ સંસારના સંસારીઓના સુખના જવાબ સરખા નથી હોતા. જગતમાં જીવનો જન્મ થયો ત્યારથી સુખની શોધમાં ચાલે છે પણ કોઈ માઈકા લાલે જાહેરમાં જાહેરાત નથી કરી કે : હા હું સો ટકા સુખી છું!!

સુખની શોધ કરવામાં 'કરવા ગયા કંસાર ને થઈ ગઈ થૂલી' જેવો ઘાટ થઈ જાય છે. માણસ રોજ સવારે રોકડા ખણખણતા રૂપિયા જેવો ઘર બહાર નીકળે છે અને સાંજે પરચૂરણ થઈ ઘરમાં વેરાય જાય છે. આપણે ત્યાં એક નદી છે : ભોગાવો. એમાં જે પડ્યો તે જેમ બહાર નીકળવા મથે તેટલો જ તે કળણમાં ખૂપતો જાય... પછી ખેલ ખલાસ. સુખનો ખેલ આવો છે.

કોઈને ખાવાપીવામાં, કોઈને સત્તામાં, કોઈને મિલકતમાં, કોઈને કામવાસમાં, ફરવામાં, પરદેશમાં, સેવામાં સુખનો સૂરજ ઊગતો દેખાય છે પણ પછી ઝટ સૂર્યાસ્તનાં દર્શન દુઃખી દુઃખી કરી નાખે છે. પડોશીને ત્યાં બીએમડબલ્યુ ગાડી જોઈ કે તુરત લોનથી ગાડી લઈ લીધી ફરવા નીકળ્યા - એકસીડેન્ટમાં પગ ગુમાવ્ય... હરતા ફરતા હતા એ પથારીમાં પડ્યા. આ બૈલ મુઝે માર! તે આનું નામ.

સુખી થવું જ હોય તો સુખી થવાના તમામ પ્રયત્ન છોડી દો - માગે સો ભાગે... ત્યારે સો આગે - તમે સુખી છો તેનું કારણ તમે જ જાણતા હો ત્યાં સુધી તમે સુખી છો. સુખને કારણો સાથે સંબંધ જ નથી. સુખ એટલે સુખ. સુખને માપવાનું નથી... પામવાનું છે. અનાયાસ... અચાનક સુખ મળી શકે એવું કોઈ માનવાને તૈયાર જ નથી. દરેકના મનમાં એક જ માન્યતા ઘર કરી ગઈ છે કે દુઃખ વેઠો તો જ સુખ મળે. દરેકના મનમાં એક જ માન્યતા ઘર કરી ગઈ છે કે દુઃખ વેઠો તો જ સુખ મળે. કમનસીબી તો એ વાતની છે કે માણસ જે સાચું સુખ છે એને સુખ માની નથી શાતો!! બીજા શેમાં સુખી છે એનું તે બહુ ધ્યાન રાખતો થઈ ગયો છે!!

'દુઃખીના દુઃખની વાતો,
સુખીના સમજી શકે;
સુખી જો સમજે પૂરું તો, દુઃખના
વિશ્વમાં ટકે.'

વસંતના વધામણાં થઈ ચૂક્યાં છે. આમ્રમંજરીમાંથી કોયલનો ટહુકો 'કામિની કોકિલાકેલી કૂજન કરે' - ની યાદ અપાવી જાય છે. કોયલનો ટહુકો વનરાવનનો ગાયત્રી મંત્ર છે. કુમળી કળીઓની છેડતી કરતો ભ્રમર ગુનગુન ગુંજારવ કરી મંડરાય. ફૂલ ઉપર બેસે એટલે ગુંજન બંધ, રંજન શરુ - ફૂલને પણ આ ગમે ત્યારે બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે સાર્થક થાય ત્યારે કાને પડતા ટહુકા અને નજરે પડતાં ભમરા ના બ્રહ્માનંદ પાસે આખા ય જગતમાં સુખ પાણી ભરે! આનું નામ સુખ કહેવાય! આમાં એક પૈસાનો ય ખર્ચ ખરો કે ? આમાં કયાંક દુઃખ વેઠવાનું આવ્યું?

'એમ હસ્યાં કે કળીઓમાં જાણે
પ્રાણ પૂરી દીધા;
એમ હોઠ ખુલ્યા કે બગીચો
બનાવી દીધો.'

દરેકને અહીં બીજાનું સુખ અને પોતાનું દુઃખ જ વધારે લાગે છે. ભલેને સાચી વાસ્તવિક સ્થિતિ આથી ઉલટી હોય! સામાન્ય ઝૂંપડીમાં રહેનાર પતિ-પત્નિનું દાંપત્યજીવન કિલ્લોલ કરતું હોય અને મહેલમાં રહેનારાંનાં દુઃખ તેમનાં પોતપોતાનાં ઓશીકાં જ જાણતાં હોય. પૈસા ઘણીવાર બહું મોંઘા પડતા હોય છે. ગરીબ તો જાહેરમાં ય પોકે પોકે રડી શકે અને અમીરને ઓશીકામાં મોં મૂકી રડવું પડે. જે જાહેરમાં રડી શકે એ પણ સુખી હોય છે. રડવાનું પણ એક સુખ હોય છે!!

'ગજ-કાતરણી લઈને બેઠો,
હરજી દીન દયાળ,
વધે-ઘટે તેને તો કરે બરાબર
સૌની લે સંભાળ.'

એક રાજા બહુ બિમાર પડ્યો. વૈદ્ય, હકીમ, ડૉકટર, તંત્ર-મંત્ર બધું જ કરી જોયું. પણ રોગ જાય નહિ. એક ફકીર જતા હતા તેમને પકડી રાજાના સાથે વાતચીત કરી, રાજાની અધૂરી તૃષ્ણાઓ પકડી પાડી. નિદાન થઈ ગયું. ફકીરે દવા બતાવી. કોઈ સુખી માણસનું પહેરણ પહેરાવો સાજા થઈ જશે. સ્વયંસેવકો, સૈનિકો, શુભેચ્છકો સુખી માણસનું પહેરણ શોધવા મેદાને પડ્યા. કોઈ સુખી મળ્યું નહીં. (કિસા ગૌતમીના રાઈના દાણા જેવું)

એક ખેતરમાં એક માણસ ખુલ્લા ડીલે પહેરણ વગર જ સૂર્યસ્નાન કરી રહ્યો હતો. સ્થિતપ્રજ્ઞ જેવો તદ્દન સુખી. સૈનિકે પૂછ્યું, : તું સુખી છે? હા, મારે વળી શાનું દુઃખ. ઉપાડ્યો માણસને... સીધે રાજા પાસે હાજર કરી દીધો... જહાંપનાંહ... રાજાધિરાજ... આ માણસ એકદમ સુખી છે. રાજાએ ફરમાન છોડ્યું : લાવ તારું પહેરણ. માણસ હસવા લાગ્યો. માફ કરજો... હું કયારેય પહેરણ પહેરતો જ નથી. કયાંથી લાવું?

આપણે સૌ કેટલાં બધાં પહેરણ પહેરીએ છીએ : કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, મત્સર, સત્તા, ધન, કીર્તિ, ઈચ્છા, લાલચ, નિંદા, ટીકા, વગેરે વગેરે... આટલાં બધાં પહેરણોમાં સુખ રહી શકે ખરું?

'વિષય કંઈ અટપટો એવો છે
આ માનવજીવન કેરો,
લિયે છે વધુ રસ તે બધા રસ
ખોઈ બેસે છે.'

શાંતિ મેળવવા કયાંક જવાનું નથી. શાંત થઈ જાવ. બસ. ખીચડી જયાં સુધી સીઝતી (ચડતી) નથી ત્યાં સુધી જ ખદબદે છે, ભમરો જ્યાં સુધી ફૂલ ઉપર બેસતો નથી ત્યાં સુધી જ ગણગણાટ કરે છે. શું આ માણસ સુખી થયા પછી પણ પોતાને સુખી માને છે ખરો? આ માટે આપણા ખૂબ જ પ્રસિદ્ધ સાહિત્યકાર, ચિંતક ગુણવંતભાઈ શાહ શું કહે છે તે કાન દઈને સાંભળવા જેવું છે :

''કકડીને ભૂખ લાગે તો માનવું કે તમે તાતા છો,

ઘસઘસાટ ઊંઘ આવે તો માનવું કે તમે બિરલાં છો;

કોઈ બિમારી વળગી ન હોય તો માનવું કે તમે અંબાણી છો,

કોઈ ખોટી નિંદા કરે ત્યારે પણ સ્વસ્થ રહી શકો તો માનવું કે તમે કુબેર છો;

કોઈને છેતરતી વખતે ખચકાટ થાય તો માનવું કે તમે સજ્જન છો

જો ઘણું ખરું આનંદમય રહેતા હો તો માનવું કે 'તમે- તમે' છો.''

જયારે તમે તમે જ હો છો ત્યારે માની લેજો કે તમે સુખી છો.

'સુખનો એક અવસર તો આપો.'

- પી. એમ.પરમાર



# એસ. જી. ના ધો-૮ના વિદ્યાર્થીઓએ જી.એસ.આઈ.ની મુલાકાત લીધી

ગાંધીનગર, તા,૨૨

ગાંધીનગરની એસ.જી પ્રાથમિક શાળામાં ધો- ૮ ના બાળકોએ સેક્ટર-૧૦ માં આવેલી 'જિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા' સંસ્થાની મુલાકાત લીધી હતી ત્યાં વિદ્યાર્થીઓએ આપણી પૃથ્વી વિષે ઘણું જાણ્યું હતું.

તેમજ પ્રાચીન ડાયનાસોરના અવશેષો તેમજ ખોદકામ કરીને કાઢેલા જૂના પથ્થરો પણ નિહાળ્યા હતા.

# વાચકોને આમંત્રણ

## સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું માયાળુ મોસાળ'**